# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 3-8-2024 Midday : 1.20 to 1.30
Day : SATURDAY National News

આકાશવાણી- સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ભારત વધુ અન્ન ઉત્પાદન કરતો દેશ છે તથા વૈશ્વિક ખાદ્ય અને પોષણ સુરક્ષાના ઉકેલ આપે છે
- વાયનાડ અને કેદારનાથમાં ભુસ્ખલનગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને બચાવ કાર્ય ચાલુ
- પશ્ચિમ એશિયામાં વધતી જતી તંગદિલી વચ્ચે લશ્કરી હાજરી વધારવાનો અમેરિકાનો નિર્ણય
- ગુજરાત, મધ્ય મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, કોંકણ અને ગોવામાં ભારે વરસાદની આગાહી સાથે રેડ એલર્ટ જાહેર
- પેરિસ ઓલિમ્પકમાં આજે ભારતના ખેલાડીઓ નિશાનેબાજી, તિરંદાજી, બોક્સિંગ અને ગોલ્ફ સહિતની રમતોમાં ભાગ લેશે.

*****************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**PM - AGRI ECONOMIST**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ભારત વધુ અન્ન ઉત્પાદન કરતો દેશ છે અને વૈશ્વિક ખાદ્ય સુરક્ષા અને વૈશ્વિક પોષણ સુરક્ષાના ઉકેલ આપતો દેશ છે. તેમણે કહ્યું કે સરકાર ખેડૂતોના જીવનમાં સુધારો લાવવાના ઉદ્દેશ્ય સાથે કૃષિ ક્ષેત્રને મજબૂત બનાવી રહી છે. નવી દિલ્હીમાં આજે 32મી આંતરરાષ્ટ્રીય કૃષિ અર્થશાસ્ત્રી પરિષદને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે કૃષિ એ સરકારની આર્થિક નીતિનું કેન્દ્ર છે. તેમણે કહ્યું કે ભારત અનાજનું મોટા પાયે ઉત્પાદન કરે છે.

**(PM Byte...)**

પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારત રસાયણ મુક્ત કુદરતી ખેતીને પ્રોત્સાહન આપી રહ્યો છે અને 2024-25ના કેન્દ્રીય અંદાજપત્રમાં ટકાઉ કૃષિ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. શ્રી મોદીએ કહ્યું કે સરકારે છેલ્લા દસ વર્ષમાં આબોહવાને અનુકૂળ એવી પાકની એક હજાર નવસો નવી જાતો ઉપલબ્ધ કરાવી છે. તેમણે કહ્યું કે દેશના કૃષિ ક્ષેત્રમાં ડિજિટલ ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે અને પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ એક ક્લિકથી દસ કરોડ ખેડૂતોના બેંક ખાતામાં પૈસા ટ્રાન્સફર કરવામાં આવે છે.

અમારા સંવાદદાતાના જણાવ્યા પ્રમાણે આ પરિષદમાં લગભગ 75 દેશોમાંથી એક હજાર જેટલા પ્રતિનિધિઓ ભાગ લઈ રહ્યા છે.. આ વર્ષની વિષય વસ્તુ ટકાઉ કૃષિ ખાદ્ય પ્રણાલી તરફ પરિવર્તન રાખવામાં આવી છે. આ પરિષદનો ઉદ્દેશ્ય આબોહવા પરિવર્તન, કુદરતી સંસાધનોમાં અધોગતિ, ઉત્પાદન ખર્ચમાં વધારો અને ટકાઉ કૃષિ માટેની જરૂરિયાતો જેવા વૈશ્વિક પડકારોને પહોંચી વળવાનો છે.

## HIGH-SPEED ROAD CORRIDOR PROJECTS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે 50 હજાર કરોડ રૂપિયાથી વધુના ખર્ચે નિર્માણ પામનાર આઠ રાષ્ટ્રીય હાઇ-સ્પીડ રોડ કોરિડોર પ્રોજેક્ટ્સને કારણે દેશના આર્થિક વિકાસને વેગ મળશે. આ સાથે રોજગારીની તકોમાં પણ વધારો થશે.

સોશિયલ મીડિયાના માધ્યમથી શ્રી મોદીએ કહ્યું કે આ નિર્ણયથી એક ભારતની સરકારની પ્રતિબદ્ધતા પણ સ્પષ્ટ થાય છે. ઉલ્લેખનીય છે કે આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ કુલ 50 હજાર 655 કરોડ રૂપિયાના ખર્ચે નવસો 36 કિલોમીટરની કુલ લંબાઇ સાથે આઠ મહત્વપૂર્ણ નેશનલ હાઇ-સ્પીડ રોડ કોરિડોર પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે.

ગઈકાલે સાંજે નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાત કરતાં કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ્સ 2047 માટે ભારતના વિઝનને અનુરૂપ છે.

## KERALA WAYANAD

કેરળમાં, વાયનાડ જિલ્લાના ભૂસ્ખલનગ્રસ્ત વિસ્તારોમાં લશ્કર દ્વારા માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત કામગીરી કરાઇ રહી છે. લશ્કર, એનડીઆરએફ અને અન્ય એજન્સીઓના બચાવ કાર્યકર્તાઓ અસરગ્રસ્ત વિસ્તાર માંથી વધુ મૃતદેહ શોધવા માટેના પ્રયાસ કરી રહ્યા છે.

દરમિયાન રાજ્ય સરકારની અપીલને પગલે, લશ્કર દ્વારા આજે કાટમાળ વચ્ચે વધૂ શોધ માટે દિલ્હીથી ઓપરેટરો સાથે ઝેવર રડાર, ચાર રેકો રડાર મોકલવામાં આવશે.

આજે મુખ્યત્વે મૃતદેહો શોધવા અને આવશ્યક સેવાઓ પુનઃસ્થાપિત કરવા માટેના પ્રયાસો હાથ ધરાશે.

## KEDARNATH

કેદારનાથમાં ભુસ્ખલનગ્રસ્ત વિસ્તારોમાં શનિવારે ત્રીજા દિવસે વરસાદ વચ્ચે રાહત અને બચાવ કાર્ય ચાલી રહ્યું છે. ભારે વરસાદને કારણે કેદાર ખીણમાં રસ્તાઓને નુકસાન થવાથી અટવાઇ ગયેલા શ્રદ્ધાળુઓ અને સ્થાનિક લોકોને સલામત બહાર કાઢવા માટે કારણે  જિલ્લા અને પોલીસ તંત્ર ઉપરાંત સલામતી દળો સતત કામ કરી રહ્યા છે.

જિલ્લા વહીવટી તંત્ર અને ખાદ્ય વિભાગ દ્વારા ભીમબલી સહિતનાં સ્થળોએ ફુડ પેકેટનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. કેદારનાથ ધામના પદયાત્રા માર્ગમાં નદીનું જળસ્તર વધવાને કારણે નદી કિનારેથી લોકોને સુરક્ષિત સ્થાનો પર લઈ જવામાં મુશ્કેલી પડી રહી છે. તોસી ગામ, ચિરસાવા અને સોન પ્રયાગ-ગૌરી કુંડ વચ્ચે ફસાયેલા મુસાફરોને બહાર કાઢવામાં આવી રહ્યા છે.

## PRESIDENT FORAIN TOUR

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આ મહિનાની 5 થી 10 તારીખ સુધી  ફિજી, ન્યુઝીલેન્ડ અને તિમોર-લેસ્ટેની મુલાકાતે લેશે.

ગઈકાલે નવી દિલ્હી ખાતે વિદેશ મંત્રાલયમાં પૂર્વીય બાબતોના સચિવ જયદીપ મજુમદારે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, ભારતના રાષ્ટ્રપતિની ફિજી અને તિમોર-લેસ્ટે દેશની આ પ્રથમ મુલાકાત હશે.

શ્રી મજમુદારે વધુમાં જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એક્ટ ઈસ્ટ નીતિ પર ભાર મૂક્યો ત્યારથી ભારતનું વિશેષ ધ્યાન દક્ષિણ પૂર્વ એશિયા અને પ્રશાંત ક્ષેત્ર પર છે અને આ ત્રણેય  આ ત્રણેય દેશો એક્ટ ઈસ્ટ પોલિસી હેઠળ આવતાં હોવાથી રાષ્ટ્રપતિની આ યાત્રાનું વિશેષ મહત્વ રહેલું છે.

રાષ્ટ્રપતિ મુર્મુ પ્રથમ તબબકામાં 5 થી 7 ઓગસ્ટ સુધી ફિજીમાં રહેશે. જ્યાં તેઓ ફિજીના રાષ્ટ્રપતિ કેટોનીવેરે અને પ્રધાનમંત્રી સિટિવેની રાબુકા સાથે મુલાકાત કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

## SC- LOK ADALAT

સર્વોચ્ચ અદાલત દ્વારા આયોજિત વિશેષ લોક અદાલતનો આજે છેલ્લો દિવસ છે. વિશેષ લોક અદાલતનો હેતુ નાગરિકોને શક્ય તેટલી સરળ અને ઝડપી રીતે ન્યાય આપવાનો છે. સર્વોચ્ચ અદાલતના 75મા સ્થાપના દિવસે સર્વોચ્ચ અદાલત દ્વારા આ પહેલનું આયોજન કરાયું છે.

એક કાર્યક્રમમાં સંબોધન કરતા કાયદા અને ન્યાયમંત્રી અર્જુન રામે મેઘાવલે જણાવ્યું કે, આ લોક અદાલતમાં એક હજારથી વધુ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે, જેમાં જમીન સંપાદન અને લગ્ન વિષયક કેસનો સમાવેશ થાય છે. મેઘવાલે જણાવ્યું કે, મધ્યસ્થી દ્વારા ઉકેલ લાવવાની ભારતીય સંસ્કૃતિની પરંપરા રહી છે.

## US MILITARY WEST ASIA

પશ્ચિમ એશિયામાં વધી રહેલા તણાવ વચ્ચે અમેરિકાએ લશ્કરી હાજરી વધારવાનો નિર્ણય લીધો છે. ઇઝરાયેલ દ્વારા હમાસ અને હિઝબુલ્લાના નેતાઓ પર તાજેતરના હૂમલાના જવાબની સંભાવનાને પગલે પશ્ચિમ એશિયામાં હિંસાની સંભાવના છે ત્યારે અમેરિકાએ આ પગલું લીધું છે.

ગઈ કાલે એક નિવેદનમાં અમેરિકન સંરક્ષણ વિભાગે જણાવ્યું છે કે, સંરક્ષણ મંત્રી લોઇડ ઓસ્ટીને યુરોપિયન અને પશ્ચિમ એશિયાના પ્રાંતમાં વધારાની બેલેસ્ટિક મિસાઇલ અને ક્રુઝર્સનો ઓર્ડર આપ્યો છે અને જમીન આધારિત વધુ બેલેસ્ટિક મિસાઇલો મોકલવાનાં પગલાં લઈ રહ્યું છે.

## IMD-WEATHER

હવામાન વિભાગે આજે મધ્યપ્રદેશ, મધ્ય મહારાષ્ટ્ર, ગુજરાત, કોંકણ અને ગોવામાં ભારે વરસાદ થવાની આગાહી સાથેનું રેડ એલર્ટ જાહેર કર્યું છે. રાજસ્થાન, ઉત્તરાખંડ, પશ્ચિમ રાજસ્થાન, પશ્ચિમ બંગાળના ઉપ-હિમાલયી ક્ષેત્ર, બિહાર અને ઉત્તર પૂર્વ વિસ્તારોમાં આગામી ચાર દિવસ દરમિયાન ભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

પશ્ચિમ બંગાળ અને ઝારખંડ પર હવાના હળવા દબાણનું ક્ષેત્ર અને ચક્રવાત બન્યું છે. જે આગામી 48 કલાક દરમિયાન સમગ્ર ઝારખંડ, દક્ષિણ-પૂર્વ ઉત્તર પ્રદેશ, પૂર્વ મધ્ય પ્રદેશ અને ઉત્તર છત્તીસગઢમાં પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધે તેવી શક્યતા છે.

## MUMBAI-RAIN YELLOW ALERT

દરમિયાન મુંબઈ અને તેના ઉપનગરિય વિસ્તારોમાં આજ  સવારથી જ અવિરત વરસાદ થઈ રહ્યો છે. જેના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા ટ્રાફિકની ગતિ ધીમી પડી છે. ઉપનગરીય ટ્રેનો રાબેતા મુજબ ચાલી રહી છે.

દરમિયાન, હવામાન વિભાગે સતારા જિલ્લામાં અતિ ભારે વરસાદનું રેડ એલર્ટ આપ્યું છે. આ સાથે મુંબઈ ઉપનગરીય અને થાણે જિલ્લાઓ માટે ભારે વરસાદની આગાહી સાથે યલો એલર્ટ  જ્યારે રાયગઢ, પુણે, રત્નાગીરી અને કોલ્હાપુર જિલ્લાઓ માટે ઓરેન્જ એલર્ટ આપ્યું છે.

## PARIS OLYMPICS

પેરિસ ઓલિમ્પકમાં આજે આઠમા દિવસે ભારતના ખેલાડીઓ નિશાનેબાજી, તિરંદાજી, બોક્સિંગ અને ગોલ્ફ સહિતની રમતોમાં ભાગ લેશે. મનુ ભાકર બે ચંદ્રક જીત્યા બાદ હાલ નિશાનેબાજીમાં મહિલાઓની 25 મીટરની સ્પર્ધામાં ત્રીજા ચંદ્રક માટે રમી રહ્યા છે.

તિરંદાજીમાં બપોરે 1-50 કલાકે દિપીકા કુમારી જર્મનીના મિશેલ ક્રોપ્પનનો અને ભજન કૌર ઇન્ડોનેશિયાનાં ડિયાનાંદાનો સામનો કરશે.

બોક્સિંગમાં નિશાંત દેવ 71 કિલો વજન વર્ગ શ્રેણીમાં ક્વાર્ટર ફાઇનલમાં મેક્સિકોનાં માર્કો અલોન્સો સામે રમશે. ગોલ્ફમાં શુભાંકર શર્મા અને ગગનજીત ભુલ્લર ત્રીજા રાઉન્ડમાં રમશે, જ્યારે નૌકા સ્પર્ધામાં નેત્રા કુમાનન અને વિષ્ણુ સર્વાનન પોતપોતાના હરીફો સામે સ્પર્ધા કરશે.

## AMARNAATH YATRAA

અમરનાથ યાત્રામાં છેલ્લા 35 દિવસ દરમિયાન 4 લાખ 85 હજારથી વધુ શ્રદ્ધાળુઓએ પવિત્ર ગુફાના દર્શન કર્યા છે. આજે 991 મુસાફરોનું એક નાનું જૂથ દર્શન માટે રવાના થયું હતું. ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે અમરનાથ યાત્રામાં શ્રદ્ધાળુઓની સંખ્યામાં વધારો થયો છે. ઉલ્લેખનીય છે કે 29 જૂનથી શરૂ થયેલી અમરનાથ યાત્રા 52 દિવસ બાદ 19 ઓગસ્ટે શ્રાવણ પૂર્ણિમા અને રક્ષાબંધનના તહેવાર સાથે સમાપ્ત થશે.